જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૩૨/૧૭**

**મોજશોખ કરવા સારુ મોટર સાઇકલની ચોરીકરતા આરોપીને પકડી પાડી ગુનાઓના ભેદ ઉકેલતી સાઇબર સેલ ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર**

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાંચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા નાઓ તથા સ્ટાફના માણસો સાથે **મોટર સાઇકલોની ચોરીઓ** શોધી કાઢવા સારુ તા-૦૧/૦૩/૨૦૧૭ ના રોજ પેટ્રોલીંગમાં ફરતા હતા દરમ્યાન નારોલ શાહવાડી, સુદરમનગરની આગળ આવેલ ખુલ્લા મેદાનમાંથી સ્ટાફના પો.કો.બાબુભાઇ વિરસંગભાઇ તથા પો.કો.હર્ષદભાઇ રામાભાઇનાઓનીસંયુકત બાતમી હકીકત આધારે એક ઇસમ શ્યામલ ઉર્ફે શ્યામો સ/ઓ સુરેશભાઇ શ્રુતિ ઉ.વ.૨૦ રહેવાસીઃ મ.નં-૨૩ સુંદરમનગર, પ્રભુનગરની સામે, મોતીપુરા ચાર રસ્તા, નારોલ શાહવાડી, અમદાવાદ શહેરનાને સુદરમનગર પાછ્ળ આવેલ ખુલ્લા મેદાનમાંથી ચોરીના ત્રણ મોટર સાઇકલો સાથે પકડી તા-૦૧/૦૩/૨૦૧૭ ના રોજ અટક કરવામાં આવેલ દરમ્યાન આરોપીની પુછ્પરછમાં આરોપી પોતાના મિત્ર સંતોષ ભૈયાજી સાથે મળી અમદાવાદ શહેર તથા આજુબાજુના વિસ્તાર અસલાલી, વટવા અને વાડજ વિસ્તારમાંથી મોટર સાઇકલો ચોરી કરી તે બાઇકોના ઓરીજનલ આર.ટી.ઓ નંબર બદલી ખોટા નંબરો લગાવી વેંચવા સારુ સંતાડી રાખેલ હોવાની હકીકત જણાયેલ છે, જેથી આરોપીને અટક કરી આગળનો કબ્જો જે તે પોલીસ પોલીસ સ્ટેશનને સોંપાવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નરશ્રીની અમદાવાદ શહેર નાઓની મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા મુજબની સુચના આધારે સેકટર-૧ શ્રી તેમજ ઝોન-૧ શ્રી તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ‘ક’ વિભાગ નાઓ તરફથી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે ચાદલોડીયા તળાવ વિનાયક લેક વ્યુ ફલેટ પાસેથી એક સીડી ડોર્ન મોટર સાયકલ નં.જીજે-૧-ઇ.બી-૧૫૦૩ ઉપર બે ઇસમો નામે જય નિરંજનભાઇ રાઠોડ ઉ.વ.૧૯ રહે.૧૧૦ ભવાનપુરા સોસાયટી,ચાદલોડીયા બ્રિજ પાસે, ચાદલોડીયા, અમદાવાદ કીશન મુકેશભાઇ પંચાલ ઉ.વ.૧૭ વર્ષ ૨ માસ રહે. ૧૬૦ ભવાનપુરા સોસાયટી,ચાદલોડીયા બ્રિજ પાસે, ચાદલોડીયા, અમદાવાદ નાઓ પાસેથી ચોરીના ૪ નંગ ટાયર કિ.રૂ.૪૦૦૦/-, એક લોખંડનુ સિલ્વર કલરનું એલ ટોમી પાનુ કિ.રૂ.૧૦૦/-, મો.સા.કિ.રૂ.૧૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૯૧૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ કબ્જે કરવામા આવેલ છે અને બન્ને ઇસમોની પુછપરછ કરતા સાબરમતી તેમજ વાડજ પો.સ્ટે. વિસ્તારમાથી ચોરી કરેલાની કબુલાત કરતા સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૫/૨૦૧૭ તેમજ વાડજ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૫૪/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા પોલીસ સ્ટેશન :**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જે વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઇવ રાખેલ હોય આજરોજ પો.સ.ઇ. એસ.એ.ગોહીલ તથા સાથેના પો.કો. ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બ.નં.૨૦૭૩ તથા પો.કો. દેવેન્દ્રસિંહ વેલુભા બ.નં.૨૩૧૫તથા પો.કો. હિતેષભાઇ નાગજીભાઇ બ.નં.૦૪૬ નાઓ સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન ફરતા ફરતા ક. ૦૯/૩૦ વાગે ગેબનશા કેનાલ પાસે આવતા સાથેના પો.કો. ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બ.નં.૨૦૭૩ નાઓને બાતમી હકિકત મળેલ કે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૩૯૫/૧૩ ધી ઇપીકો કલમ- ૩૨૪,૩૨૫,૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ના ગુનાના વોન્ટેડ આરોપીઓ (૧) ઇરફાન અબ્દુલભાઇ મણીયાર ઉ-વ-૩૨ ધંધો- વેપાર રહે- મ.નં-૧૬૦૮ ગરીબનવાજ મંજીલ મહાવીર ફ્લેટની અંદર નગરીમીલની બાજુમાં ગોમતીપુર અમદાવાદ શહેર (૨) નદીમ સ/ઓ સાબીરહુસેન મણીયાર ઉ.વ.-૨૨ રહે- મહાવીર ફ્લેટ ની બાજુમાં જૈન દેરાસર પાસે નગરીમીલની બાજુમાં રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર (૩) આમીર સ/ઓ અસ્લમભાઇ સંધી (મણીયાર) ઉ.વ.-૨૮ રહે- મહાવીર ફ્લેટ ની બાજુમાં જૈન દેરાસર પાસે નગરીમીલની બાજુમાં રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર તથા તેનો મિત્ર (૪) અસ્પાક સ/ઓ ગુલાબનબી શેખ ઉ.વ.-૨૩ રહે- મહાવીર ફ્લેટ ની બાજુમાં જૈન દેરાસર પાસે નગરીમીલની બાજુમાં રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર નાઓને આજરોજ તા-૦૧/૦૩/૨૦૧૭ ના રોજ પકડી અટક કરી કાયદેશર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**મણીનગર પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જે ' ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ખાતેના નાસતા -ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા મળતી અવાર-નવાર સુચનાઓને આધારે આરોપી શોધી કાઢવા મણીનગર પોલીસ સ્ટેશન સિની.પોલીસ ઇન્સપેકટર શ્રીઆર.કે.અમીન નાઓની સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ શ્રી કે.વી.બારીયા તથા પો.કો અલીરઝા નિસારહુસેન બ.ન- ૯૬૧૦ તથા પો કો સાજીદખાન નજીમખાન બ.ન- ૪૦૧૨ તથા પો.કો યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.ન.- ૨૧૫૬ તથા પો.કો - મયુર રજનીકાંત બ.ન- ૨૯૧૮ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં-૯૯૦૯ તથા પો.કો.પ્રવિણભાઇ ભાઇલાલભાઇ બ.નં-૪૭૮૩ તથા પો.કો..દિગ્વિજયસિહ દિપસંગભાઇ બ.નં-૩૬૩ તથા પો.કો. દિલિપભાઇ સોમાભાઇ બ.નં-૨૪૮૯ તથા સ્ટાફ ના માણસો સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો અસ્લમબેગ નસરૂબેગ બ.ન_૫૪૨૩ તથા પો.કો દિલીપસિંહ બળવંતસિહ બ.નં-૨૫૦૩ નાઓની સંયુક્ત બાતમી હકીકત મળેલ કે ઇસનપુર પોલીસ સ્ટેશન પ્રોહી.૫૧૦૮/૧૨ પ્રોહી કલમ-૬૬(બી),૬૫એ.ઇ૧૧૬મુજબના કામનો નાસતો ફરતો વોન્ટેડ આરોપી નામે રાજુ ઉર્ફે કાળુ મરાઠી સન/ઓફ કાલીદાસ જાતે ઠાકોર ઉ,વ-૩૮ રહે-શ્રેયસ સિનેમા પાસે હાલ રહે-અમુ સૈયદ બાવાની દરગાહની બાજુમાં કનીપુરા નડીયાદનાઓને સી.આર.પીસી.કલમ-૪૧.આઇ.૧.મુજબ આજ રોજ તા-૦૧/૦૩/૨૦૧૭ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી અટક કરી ગુનાના કામે ઇસનપુર પો.સ્ટે ખાતે જાણ કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

ઓઢવ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૪૮/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના કામના ફરિયાદી હરીભાઇ ધર્માભાઇ જાતે પટેલ ઉ.વ.૪૮ ધંધો-વેપાર રહેવાસી-મ.નં બી/૧૫ પુલીન-૧ પાયલનગર સોસાયટીની બાજુમાં નરોડા અમદાવાદ નાઓનું શેડ નં-એ/૫૮ બીલેષ્વર એસ્ટેટ માં " સર્વા ટ્રેક કંટ્રોલ સીસ્ટમ " નામનું કારખાનાનો લોખંડની જાળીવાળો દરવાજો તોડી પ્રવેશ કરી લોખંડની તીજોરીમાંથી રોકડ દસના એક હજાર ના સીક્કા પડેલ હતા તે તથા ઓફીસમાં પડેલ એક સેમસંગ સાદો મોબાઇલ ફોન જોવા મળેલ નહી જેની કિ.રૂ.૧૨૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ છે. જેની કુલ્લે કિ.રૂ.૨૨૦૦/- ગણી શકાય ગઇ તા.૧૫/૦૨/૨૦૧૭ ના સાંજના સાત વાગ્યાથી તા.૧૬/૦૨/૨૦૧૭ ના સવાર કલાક નવ વાગ્યા દરમ્યાનમાં ચોરી થયેલ જે આજ પોસ્ટે વીસ્તાર મા પેટ્રોલીંગ દરમ્યાન પોકો અતુલભાઇ તથા લોર પ્રદીપસિંહ ની બાતમી આધારે આજ રોજ આરોપી નામે રાજેશભાઇ ગાભાજી ઠાકોર ઉવ ૨૨ રહેવાસી-ગામ ભુવાલડી તા.દસ્કોઇ જી અમદાવાદ નાને તા. ૧/03/૨૦૧૭ ના કલાક ૧૨/30 મુદામાલ સાથે હેકો દેવેન્દ્રભાઇ નાઓએ પકડી અટક કરી મુદામાલ રીકવર કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

**શહેરકોટડા પો.સ્ટે. ત્રણ નાસતા ફરતા આરોપી પકડ્યા**

મે. પોલીસ કમિશ્નર સહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સહેબ શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સહેબ શ્રી ઝોન-3 તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ કરેલ જરુરી સુચના આધારે પો.ઈન્સ.શ્રી શહેરકોટડા પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અનુસંધાને શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન શહેરકોટડા પો.સ્ટેશન ફ.ગુ.રન. ફ.૨૮૧/૧૪ આઇપીસી ક. ૩૨૪, ૩૨૩, ૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫(૧) કામે આરોપી જયેશ ઉર્ફે મહાજન ચંદુભાઇ સોની રહે એફ-૪૦૪, કે.પી. રેસીડેન્સી, નિકોલ ગામ, નિકોલ અમદાવાદ નાને તા-૦૧/03/૨૦૧૭ કલાક ૧૧/30 વાગે તથા પેટ્રોલીંગ દરમ્યાન સાથેના પો.કો ડાહ્યાભાઈ ઘેલાભાઈ બ.નં. ૯૫૪૮ તથા લોર જયપાલસિંહ અજીતસિંહ બ.નં ૩૦૮ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૭૭/૧૫ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ 3, ૭ મુજબના કામે નાસતા ફરતા આરોપી (૧) ચીરાગ ઉર્ફે ગોબર ગોવીન્દભાઇ પંચાલ ઉ.વ. ૩૫ રહે ૭૨૨ ગાન્ધીની પોળ તળીયાની પોળની સામે સરસપુર અમદાવાદ શહેર (૨) પ્રશાંત ઉર્ફે લાલીયો તેત્રીસ હસમુખભાઇ પટેલ ઉ.વ. ૪૦ રહે મ.નં.૬૮૧ તળીયાની પોળ સરસપુર અમદાવાદ શહેર નાને તા.૧/03/૧૭ ના ક. ૧૩/30 વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરેલ છે અને આગળની વધુ તપાસ ચાલુ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન</u>**

## ઘરફોડ ચોરીના ગુન્હામાં ઓઢવ પો સ્ટે તથા વટવા પો સ્ટે તથા સોલા પો સ્ટે કુલ-૬ ગુન્હામાં નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન ઇન્ચાર્જ શ્રી ની મૌખીક સુચના આધારે તેમજ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર એ વી પટેલ સાહેબશ્રીના સીધા માર્ગદર્શન આધારે નાસ્તા ફરતા/વોન્ટેડ/પેરોલ ફર્લોના આરોપીઓને પકડવા મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ તથા લોકરક્ષક સુરેશભાઇ લાલજીભાઇ બનં ૨૯૧૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ નાઓની બાતમી હકીકત આધારે આધારે <u>ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ર નંબર ૩૪૧/૦૧૫ ધી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪</u> મુજબના કામનો નાસ્તો ફરતો આરોપી નામે દેવલાભાઇ જોરીયાભાઇ ભાભોર ઉવ ૨૨ રહે ગામ આમલી ખજુરીયા તા ગરબાડા જી દાહોદ નાઓને <u>સી આર પી સી કલમ ૪૧(૧)આઇ મુજબ તા:૦૧/૦૩/૦૧૭ ના કલાક ૧૯/૦૦ વાગ્યે</u> પકડી અટક કરી પુછપરછ કરતા નીચે મુજબના ગુન્હાઓમાં નાસ્તો ફરતો હોવાનુ જણાવે છે

(૧) <u>વટવા પોસ્ટે ફસ્ટ ગુ ર નંબર ૧૧/૦૧૬ ધી ઇ પી કો કલમ ૩૮૧ મુજબ</u>

(૨) <u>વટવા ફસ્ટ ગુ ર નંબર ૧૫/૦૧૬ ધી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ</u>

(૩) <u>વટવા ફસ્ટ ગુ ર નંબર ૫૩/૦૧૬ ધી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ</u>

(૪) <u>સોલા પો સ્ટે ફસ્ટ ગુ ર નંબર ૧૪/૦૧૬ ધી ઇ પી કો કલમ ૪૫૪,૩૮૦,૧૧૪</u>

(૫) <u>સોલા</u> <u>ફસ્ટ ગુ ર નંબર ૩૨/૦૧૬ ધી ઇ પી કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૫૧૧,૧૧૪</u>

જેથી સદર ઈસમ ઉપરોકત કુલ્લ- ૬ ગુન્હામાં નાસતો ફરતો હોવાનુ જણાઇ આવેલ છે અને જે તે પોસ્ટે ખાતે આગળની કાર્યવાહી કરવા સારૂ વર્ધી મેસેજ મોકલવા તજવીજ કરી કાયદેસરની કાર્યવાહી કરતી વેજલપુર પોલીસે પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૧।૦૩।૨૦૧૭

**<u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :</u>**

વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨/૨૦૧૭ ઈ.પી.કો.કલમ ૪૫૪, ૩૮૦ મુજબના ઘરફોડ ચોરીનાં ગુનાનાં વોન્ટેડ આરોપી ધમીલ જીગરભાઇ શાહ (ઉ.વ.૧૯) (રહે.જીવરાજપાર્ક) ને આજરોજ ચોરીનાં મુદ્દામાલ કેમેરા, મોબાઇલ અને લેપટોપ સાથે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન</u>

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સરદારનગર પો.સ્ટે તથા સ્ટાફના પો.સ.ઇ પી.જે ખરસાણ તથા પો.સ.ઈ. કે.એમ.ચૌધરી તથા મ.સ.ઇ.અરવીંદસિંહ શંકરસિંહ બ.નં.૬૪૦૯ તથા હે.કો. રમેશસિંહ કાળુસિંહ બ.નં ૯૪૨૧ તથા પો.કો. ધારુભાઇ રમસુભાઇ બ.નં. ૬૬૦૭ તથા પોકો. કિરણકુમાર ચંદુલાલ બ.નં. ૫૭૭૦ તથા વુ.પો.કો રેણુકાબેન નરેંદ્રસિંહ બ.ન ૧૦૫૫ નાઓ સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન જી'વોર્ડ રાજાવીર સર્કલ પાસે આવતા અમોને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે જી'વોર્ડ ધનરાજ ટ્રાન્સપોર્ટ પાછળ રહેતી બાઇ નામે સુમનબેન ભોગેકર નાઓ પોતાના રહેણાંક મકાનમાં કેટલોક પરપ્રાંતીય દારુનો જથ્થો વેચાણ સારુ લાવી રાખી મુકેલ છે જે મતલબની બાતમી હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતાં મકાનની અંદર એક બાઇ <u>સુમનબેન વા/ઓ પુનમભાઇ પપ્પુભાઇ ભોગેકર ઉ.વ ૨૪ રહે, મ.ન. ૧/3 ન્યુ જી'વોર્ડ ધનરાજ ટ્રાન્સપોર્ટની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર</u> હાજર મળી આવતા સદરી બાઇ ને સાથે રાખી તેના ઘરમા તપાસ કરતા તેના મકાનમા રહેલ પલંગમાથી <u>પરપ્રાંતીય ઇંગ્લીસ દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી બોટલો નંગ ૧૧૦ તથા બીયર નંગ ૭૨ મળી કુલ્લે મુદ્દામાલની કિ.રૂ ૨૭૨૦૦/ ના</u> મતાનો રાખી રેડ દરમ્યાન મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરેલ છે

## <u>નારણપુરા પોલીસ સ્ટેશન:</u>

નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ ચેન સ્નેચીંગ નાં આરોપી

| | પકડાયેલ ઈસમનુ નામ સરનામુ | |
|---|---|---|
| ૦૧ | સંજય ઉર્ફે સાલુ જયંતીભાઈ નારણભાઈ ચૌહાણ ઉ.વ.૨૧ રહે. જોગણીમાતાની ચાલી, રામાપીરનો ટેકરો નવા વાડજ અમદાવાદ શહેર મુળ રહે. ધામસીન રાણીવાડા પાસે તા. રાણીવાડા જી. ઝાલોર રાજસ્થાન મો.નં. ૭૬૦૦૨૩૭૮૪૮ | |
| ૦૨ | વિજય ઉર્ફે બકરો રણછોડભાઈ ચુનારા ઉ.વ.૨૪ રહે. વસંતનગર નાં છાપરા, પાણીની ટાંકીની પાસે ઠક્કર નગર, અમદાવાદ શહેર મુળ રહે. લાના તા. ધોળકા જી. અમદાવાદ શહેર ૭૬૦૦૨૩૭૮૪૮ | |
| ૦૩ | અપાચી બાઈક નં જીજે-૦૧-એન.એચ.- ૧૧૩૭ | |





**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)